પંચાયત સેવા વર્ગ - ૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ
સચિવાલય, ગાંધીનગર,
તા.૭/૧૦/૨૦૧૬

વંચાણે લીધા -

૧. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૬ નો પત્ર ક્રમાંક-અપગ/૧૦૨૦૧૬/૧૬૦/૭૮૪/રો.૧

૨. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૦/૧૦/૧૬ ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

**સુધારા ઠરાવ :-**

વંચાણે લીધેલ ક્રમ - ૨ ના પત્રથી વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી નોકરીમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ અને તેવી જંગ્યાઓ ઉપર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણુંક થઇ શકે તે અંગે તા.૨૦/૧૦/૨૦૧૬ ના ઠરાવથી પંચાયત સેવા, વર્ગ - ૩ સંવર્ગની નીચેની જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે જે તે જગ્યા સામે દર્શાવેલ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ હતું.

સદરહું ઠરાવના ક્રમ નં.૫ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ - ૩ દર્શાવવામાં આવેલ છે, તે સુધારીને તેની જગ્યાએ સમાજ કલ્યાણ નિરીક્ષક (જુનીયર ગ્રેડ), વર્ગ - ૩ વાંચવાનું રહેશે.જે આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.પટેલ)
ઉપસચિવ,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ



Scanned by CamScanner

નકલ રવાના –

- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ.
- જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (તમામ), સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત. (જિલ્લો. )
- નાયબ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ ભવન, શશીકુંજ, જુનાગઢ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,તમામ (તાબાની તમામ તાલુકા પંચાયતોને નકલ મોકલી આપવાની વિનંતી સહ)
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- શાખા સીલેકટ ફાઇલ.

Scanned by CamScanner